| | |
|---|---|
| પ્રાપ્તિ તારીખ | ૦૨/૦૬/૨૦૨૬ |
| નોંધાયા તારીખ | ૦૨/૦૬/૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૦૪/૦૬/૨૦૨૬ |
| સમય | વર્ષ / માસ / દિવસ |

**નડિયાદના મહેરબાન સેકન્ડ એડિશનલ સેશન્સ જજ અને સ્પેશિયલ પોક્સો જજ સાહેબશ્રીની અદાલતમાં, મુકામ– નડિયાદ.**

**ફોજદારી પરચૂરણ અરજી નં. ૬૧૫/૨૦૨૬**
**આંક :**

**અરજદાર :** **દર્શનભાઈ ઉર્ફે દશરથ ભગુભાઈ રાઠોડ,**
ઉ.વ. ૨૬, ધંધો–ખેતમજુરી,
રહે. જુની ઈન્દીરા નગરી, ધંધોડી,
તા. મહુધા, જી. ખેડા.
(હાલ જયુડી. કસ્ટડી જીલ્લા જેલ)

**– વિરૂધ્ધ –**

**સામાવાળા :** **ગુજરાત રાજય સરકારશ્રી,**

**બાબત :** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબની જામીન અરજી. (ક્રિ.પ્રો.કોડ ૪૩૯ મુજબ)

**અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી પી.એમ. રોહીત**

**સરકાર તરફે વિદ્વાન પી.પી. શ્રી ડી.આર.બારોટ**

**-- હુકમ --**

(૧) આ કામના અરજદાર/આરોપી વિરુદ્ધ મહુધા પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુન્હા રજીસ્ટર નં. **૧૧૨૦૪૦૩૯૨૬૦૧૫૨ /૨૦૨૬** થી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧) તથા પોક્સો એક્ટની કલમ-૧૮, ૫(એલ), ૬ મુજબના ગુન્હાના કામે તેઓની અટક થયેલ હોય અને ત્યારથી હાલના અરજદાર/આરોપી જ્યુડી. કસ્ટડીમાં હોય, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૪૮૩ અન્વયે જામીન મુક્ત થવા માટે હાલની અરજી અત્રેની અદાલત સમક્ષ દાખલ કરેલ છે.

(૨) આ કામના અરજદાર/આરોપીની હાલની જામીન અરજી અન્વયે ફરિયાદપક્ષને નોટિસ કાઢતા, ફરિયાદપક્ષ તરફે વિદ્વાન પી.પી.શ્રી ડી.આર.બારોટ હાજર થયેલ છે. આ કામે તપાસ કરનાર અમલદારશ્રીએ જામીન અરજી વિરુદ્ધનું સોગંદનામું રજૂ કરેલ છે, તે વંચાણે લીધેલ છે.

(૩) આ કામના અરજદાર/આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી નાઓએ તેઓની રજૂઆતમાં ભારપૂર્વક જણાવેલ છે કે, અરજદાર તદ્દન નિર્દોષ છે અને તેઓએ કોઈ ગુન્હો કરેલ નથી. સદર કામની એફ.આઇ.આર. જોતા અરજદારને ખોટી રીતે શંકાના આધારે સંડોવી દીધેલ છે અને અરજદાર સદર કહેવાતા ફરીયાદમાં જણાવ્યા મુજબનો કોઇ ગુન્હો કરે તેવા નથી. સદર એફ.આઇ.આર. જોતા ફરીયાદ મોડી અને ગોઠવણ કરી આપેલ છે અને સદર ફરીયાદ મોડી આપવાનું કોઇ કારણ જણાવેલ નથી. અરજદાર સામેની સમગ્ર ચાર્જશીટની હકીકત જોતા પ્રથમદર્શનીય રીતે અરજદાર સામે આક્ષેપિત ગુનાને લગતી વ્યાખ્યા મુજબના આવશ્યક તત્વો જણાઇ આવતા નથી એટલે કે પ્રથમદર્શનીય રીતે અરજદાર સામે કોઇ ગુન્હો બનતો નથી તેમજ તમામ આક્ષેપ ખોટા અને પાયાવિહોણા છે. અરજદાર સામેના આક્ષેપો જોતા અરજદાર વિરૂધ્ધ ફાંસીની સજાને લાયક ગુનો નથી. અરજદર મજુરી કામ કરી પોતાના પરીવારનું

ગુજરાન ચલાવે છે અને તેઓના શીરે તેમના કુટુંબના ભરણપોષણની જવાબદારી છે. ત.ક.અમલદારે સદર ગુનાની તપાસ પૂર્ણ કરી નામ. પોકસો કોર્ટમાં પોકસો કેસ નં. ૩૦/૨૦૨૬ થી ચાર્જશીટ દાખલ કરી દીધેલ છે જેથી પણ અરજદારની તપાસના કામે જરૂરીયાત રહેતી નથી. અરજદાર મહુધા તાલુકાના સ્થાનિક રહેવાસી હોય ક્યાંય નાસી ભાગી જાય તેમ નથી, ટ્રાયલ ચાલતા લાંબો સમય જાય તેમ હોય, જેથી તેઓને જો જામીન પર મુક્ત કરવામાં ના આવે તો તેઓને ખોટી રીતે લાંબો સમય જેલમાં રહેવું પડે તેમ હોય, આ સંજોગોમાં અરજદાર/ આરોપીને યોગ્ય શરતોને આધીન જામીન મુક્ત કરવા રજૂઆત કરેલી છે.

(૪) ઉપરોક્ત હકીકતો સામે સામાવાળા શ્રી સરકાર તરફે વિદ્વાન પી.પી.શ્રી ડી.આર. બારોટ હાજર થઇ અરજદાર/આરોપીની અરજીનો સખત વિરોધ કરતા ભારપૂર્વક જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપીએ ફરિયાદીની સગીર વયની દીકરી ઉ.વ. ૧૪ વર્ષ ૪ માસ નાનીને લલચાવી, ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી તા. ૨૧/૦૩/૨૦૨૬ પહેલા અવારનવાર રાત્રીના સમયે ધંધોડીના બોરકુવાની ઓરડી આગળ શરીર સંબંધ બાંધી, ત્યારબાદ તા.૨૨/૦૩/૨૦૨૬ ના રોજ ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઇ જઇ ગુન્હો કર્યાનો કેસ છે. હાલના અરજદાર / આરોપી ૨૮ વર્ષના ડાયવર્સી છે અને તેઓ ભોગ બનનાર ૧૪ વર્ષ ૪ માસની સગીરવયની હોવાનું જાણતા હોવા છતાં તેણીની મરજી વિરુદ્ધ અવારનવાર શારીરિક સંબંધ બાંધી ત્યારબાદ તેણીને ઘરેથી ભગાડી લઇ જઇ બાળ અત્યાચારનો ગંભીર પ્રકારનો ગુન્હો કરેલ છે. ચાર્જશીટ બાદ કોઇ સંજોગો બદલાયેલા નથી. અરજદાર/આરોપીએ ચાર્જશીટ અગાઉ દાખલ કરેલ રેગ્યુલર જામીન અરજી ગુણદોષ ઉપર નામંજુર થયેલ છે. હાલના અરજદાર/આરોપી ભોગ બનનાર તથા ફરીયાદી એકજ ગામમાં નજીક નજીકમાં રહેતા હોય જો અરજદાર/આરોપીને જામીન મુક્ત કરવામાં આવે તો સાક્ષી

પુરાવા સાથે ચેડા થવાની પૂરેપૂરી શક્યતા હોય, નાસી–ભાગી જાય, ટ્રાયલ દરમિયાન હાજરી સુનિશ્ચિત થઈ શકે તેમ ન હોય, જે તમામ હકીકતો ધ્યાને લઈ અરજદાર/આરોપીની હાલની અરજી રદ કરવા માંગણી કરેલ છે.

(૫) અરજદાર/આરોપીની જામીન અરજી અનુસંધાને પક્ષકારોના વકીલોની દલીલો સાંભળી તેમજ અરજી સાથે સામેલ રાખેલ દસ્તાવેજો, તપાસ કરનાર અમલદારનું એફિડેવિટ વંચાણે લીધું. હાલના કામે ફરિયાદની હકીકત ધ્યાને લેતા આ કામના અરજદાર/આરોપીએ ફરિયાદીની સગીર વયની દીકરી ઉ.વ. ૧૪ વર્ષ ૪ માસ નાનીને લલચાવી, ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી તા. ૨૧/૦૩/૨૦૨૬ પહેલા અવારનવાર રાત્રીના સમયે ધંધોડીના બોરકુવાની ઓરડી આગળ શરીર સંબંધ બાંધી, ત્યારબાદ તા.૨૨/૦૩/૨૦૨૬ ના રોજ ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઈ જઈ ગુન્હો કર્યાનો કેસ છે. અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, આ કામના અરજદાર તદ્દન નિર્દોષ છે અને તેઓએ કોઈ ગુન્હો કરેલ નથી. ત.ક.અમલદારે સદર ગુનાની તપાસ પૂર્ણ કરી નામ. પોકસો કોર્ટમાં પોકસો કેસ નં. ૩૦/૨૦૨૬ થી ચાર્જશીટ દાખલ કરી દીધેલ છે જેથી પણ અરજદારની વધુ તપાસના કામે જરૂરીયાત રહેતી નથી. અરજદારના શીરે તેઓના કુટુંબના ભરણપોષણની જવાબદારી છે. અરજદાર મહુધા તાલુકાના સ્થાનિક રહેવાસી છે ટ્રાયલ દરમ્યાન તેઓની હાજરી સુનિશ્ચીત થઈ શકે તેમ છે જે તમામ હકીકતો ધ્યાને લઈ અરજદાર/આરોપીને જામીન મુક્ત કરવા અરજ કરેલ છે. સદર કામે સરકારી વકીલશ્રીએ રજૂઆત કરેલ છે કે, હાલના અરજદાર / આરોપી ૨૮ વર્ષના ડાયવર્સી છે અને તેઓ ભોગ બનનાર ૧૪ વર્ષ ૦૪ માસની સગીરવયની હોવાનું જાણતા હોવા છતાં તેણીની મરજી વિરુદ્ધ અવારનવાર શારીરિક સંબંધ બાંધી ત્યારબાદ તેણીને ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઈ જઈ ગુન્હો

કરેલ છે. અરજદાર/આરોપી વિરૂધ્ધ પોકસો એકટ મુજબનો ગંભીર ગુન્હાનો કેસ છે. અરજદાર/આરોપીએ ચાર્જશીટ અગાઉ દાખલ કરેલ રેગ્યુલર જામીન અરજી ગુણદોષ ઉપર નામંજુર થયેલ છે.ચાર્જશીટ બાદ કોઇ સંજોગો બદલાયેલા હોય તેવી અરજદાર/આરોપીના વિ.વ.શ્રી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. અરજદાર/આરોપી તથા ભોગ બનનાર તથા ફરીયાદી એકજ ગામમાં નજીક નજીકમાં રહેતા હોય જો અરજદાર/આરોપીને જામીન મુક્ત કરવામાં આવે તો સાક્ષી પુરાવા સાથે ચેડા થવાની પૂરેપૂરી શક્યતા હોય તેમજ ટ્રાયલ દરમિયાન તેઓની હાજરી સુનિશ્ચિત થઈ શકે તેમ ન હોય તેવી દલીલમાં તથ્ય હોવાનું જણાઈ આવે છે. આમ, ઉપરોક્ત તમામ હકીકતો, સંજોગો ધ્યાને લેતા અરજદાર/આરોપીની તરફેણમાં વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવો યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાઈ આવતું ના હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-- હુ ક મ --**

(૧) આ કામના અરજદાર/આરોપી **દર્શનભાઈ ઉર્ફે દશરથ ભગુભાઈ રાઠોડ** નાઓની ફોજદારી પરચૂરણ અરજી નં.**૬૧૫/૨૦૨૬** આથી નામંજૂર એટલે કે રદ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ: **૪થી** માહે જુન સને **૨૦૨૬** ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**નડિયાદ.**
તા. **૦૪/૦૬/૨૦૨૬**

**(પ્રકાશકુમાર પી. પુરોહિત)**
સેકન્ડ એડિશનલ સેશન્સ જજ અને
સ્પેશિયલ પોક્સો જજ, ખેડા-એટ-નડિયાદ.
(**CODE NO GJ00685)**